# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-11-2026** **Midday: 1.20 TO 1.30**
**Day: Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**********

1. દેશમાં આજે નવા વર્ષની ઉજવણી, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી
2. ભારતની જળ વ્યવસ્થાપન પહેલ વિકાસશીલ દેશો માટે એક મોડેલ તરીકે ઉભરી
3. વિશ્વ રસીકરણ દિવસ નિમિત્તે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ સંપૂર્ણ રસીકરણ દ્વારા દરેક બાળક અને સગર્ભા સ્ત્રીઓનું રક્ષણ કરવાની દેશની પ્રતિબદ્ધતા દોહરાવી
4. અશ્મિભૂત ઇંધણમાંથી વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં આ વર્ષે આંશિક ઘટાડો
5. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રીજી વનડે મેચ વરસાદને કારણે રદ

---

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# VP PM-GUJARATI NEW YEAR

વિક્રમ સંવત 2083 નાં નવા વર્ષનો આજે ઉમંગ ઉલ્લાસ સાથે પ્રારંભ થયો. દેશવાસીઓ હર્ષોલ્લાસ અને પરંપરાગત રીતે નવા વર્ષને વધાવી રહ્યાં છે. અને એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી રહ્યાં છે.

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને આજે ગુજરાતી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે. ઉપરાષ્ટ્રપતિએ આ નવું વર્ષ દરેક ઘરમાં ખુશી, સારા સ્વાસ્થ્ય, શાંતિ અને સમૃદ્ધિ લાવે તેવી આશા વ્યક્ત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજથી શરૂ થતાં નવા વર્ષમાં દરેકનું જીવન ઉત્તમ સ્વાસ્થ્ય અને ઉત્સાહથી ભરેલું રહે તેવી આશા વ્યક્ત કરી.

---

# INDIA-WORLD BANK

ભારતની  જળ વ્યવસ્થાપન પહેલ વિકાસશીલ દેશો માટે એક મોડેલ તરીકે ઉભરી છે. વિશ્વ બેંકના જળ માટેના વૈશ્વિક નિર્દેશક  , સરોજ કુમાર ઝાએ ભારતની પ્રગતિને એક નોંધપાત્ર સફળતા ગણાવી છે. 2026 ના સંયુક્ત રાષ્ટ્ર જળ પરિષદ અગાઉ બોલતા , શ્રી ઝાએ જળ જીવન મિશન  , નમામી ગંગે અને સ્વચ્છ ભારત મિશન જેવી પહેલોની પ્રશંસા કરી.

તેમણે ગંગાને સાફ કરવા અને લગભગ 900 બંધોની સલામતીને મજબૂત બનાવવાના પ્રયાસોની પણ પ્રશંસા કરી. શ્રી ઝાએ 8 થી 10 ડિસેમ્બર દરમિયાન અબુ ધાબીમાં આયોજિત આ પરિષદમાં ભારતને વૈશ્વિક સ્તરે તેના અનુભવો જણાવવા અપીલ કરી.

---

# NADDA-IMMUNIZATION DAY

આજે વિશ્વ રસીકરણ દિવસ છે. આજના દિવસે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ સમયસર અને સંપૂર્ણ રસીકરણ દ્વારા દરેક બાળક અને સગર્ભા સ્ત્રીઓનું રક્ષણ કરવાની દેશની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં , મંત્રીએ કહ્યું કે પોલિયો તથા માતા અને નવજાત શિશુને ટિટાનસથી બચાવવા ભારતની સિદ્ધિઓ સતત રસીકરણ પ્રયાસોની અસરને દર્શાવે છે.

શ્રી નડ્ડાએ યુનિવર્સલ ઇમ્યુનાઇઝેશન પ્રોગ્રામ, યુ-વિન ડિજિટલ પ્લેટફોર્મ અને મિશન ઇન્દ્રધનુષ અભિયાન જેવી પહેલો અંગે વાત કરતાં કહ્યું કે આ જીવનરક્ષક રસીકરણ છેવાડાના લોકો સુધી પહોંચે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.

---

# HAJ AGREEMENT

ભારત અને સાઉદી અરેબિયાએ 2027ની હજ યાત્રા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરારથી 1 લાખ 75 હજારથી વધુ ભારતીયો હજ યાત્રા કરી શકશે.

સાઉદી અરેબિયાની સત્તાવાર મુલાકાતે ગયેલા લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જેદ્દાહમાં સાઉદી અરેબિયાના હજ અને ઉમરાહ મંત્રી તૌફિક બિન ફૌઝાન અલ-રબિયા સાથે મુલાકાત કર્યા બાદ આ કરાર પર હસ્તાક્ષર કર્યા.

બંને મંત્રીઓએ હજ 2027 માટેની તૈયારીઓની સમીક્ષા કરી અને સુધારેલા સંકલન અને જરૂરી સુવિધાઓ અંગે ચર્ચા કરી. તેમણે ભારતીય હજ યાત્રાળુઓ માટે સલામત અને સુવિધાજનક યાત્રા સુનિશ્ચિત કરવા માટેની તેમની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો.

---

# WB- ZERO TOLERANCE

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ પુનરોચ્ચાર કર્યો છે કે, તેમની સરકાર મહિલાઓ અને બાળકો પર દુષ્કર્મ , હત્યા અને અન્ય ગુનાઓ પ્રત્યે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ અપનાવશે. તેમણે કહ્યું કે પોલીસને તેમના ઉપરી અધિકારીઓની પરવાનગીની રાહ જોયા વિના ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા માટે છૂટ આપવામાં આવી છે.

બંગાળ-બિહાર સરહદ નજીક ઉત્તર દિનાજપુર જિલ્લાના રાયગંજમાં 12 વર્ષની બાળકી પર દુષ્કર્મ અને હત્યાના આરોપીનું પોલીસ ગોળીબારમાં મોત થયા બાદ મુખ્યમંત્રીએ આ નિવેદન આપ્યું હતું.આ ઘટના પર પ્રતિક્રિયા આપતા , શ્રી અધિકારીએ કહ્યું કે મહિલાઓ સામેના ગુનાઓ સામે કાર્યવાહી કરવામાં કોઈ સમાધાન થશે નહીં. તેમણે કહ્યું કે પોલીસ કર્મચારીઓ પર હુમલો થાય ત્યારે તેનો સ્વબચાવમાં વળતો જવાબ આપવાની છુટ આપવામાં આવી છે.

આ દરમિયાન , પોલીસ કાર્યવાહીએ રાજકીય વિવાદ ઉભો કર્યો છે , જેમાં વિપક્ષે એન્કાઉન્ટર પર સવાલ ઉઠાવીને કાયદાને અનુસરવા પર ભાર મૂક્યો હતો.

---

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.7

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

# GLOBAL CARBON EMISSIONS

અશ્મિભૂત ઇંધણમાંથી વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં આ વર્ષે થોડો ઘટાડો નોંધાયો છે. જોકે , વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે આ ઘટાડો આબોહવા પરિવર્તન સામે લડવાના પ્રયાસોને કારણે નથી , પરંતુ ઈરાન યુદ્ધને કારણે તેલ પુરવઠામાં વિક્ષેપને કારણે થયો છે.

ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટના એક નવા અભ્યાસ મુજબ , 2026 માં વૈશ્વિક કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન 42.2 અબજ ટન સુધી પહોંચશે. જે ગત વર્ષ કરતા 0.4 ટકા ઓછું છે. અહેવાલ મુજબ, ચીન, અમેરિકા, યુરોપ અને જાપાનમાં કાર્બન ઉત્સર્જનમાં આશરે 1 ટકાનો ઘટાડો થયો. નિષ્ણાતોએ નવીનીકરણીય ઊર્જાનો ઝડપી સ્વીકાર અને વૈશ્વિક કાર્બન પ્રદૂષણ ઘટાડવા માટે સતત પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

---

# FRANCE-IRAN CYBERATTACK

ફ્રાન્સના વિદેશ મંત્રી જીન-નોએલ બેરોટે આરોપ લગાવ્યો છે કે ગયા મહિને થયેલા સાયબર હુમલાઓ ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ, IRGC દ્વારા કરવામાં આવ્યા હતા. શ્રી બેરોટે આ ઘટનાને મોટા પાયે અને આક્રમક રીતે અભૂતપૂર્વ ગણાવી હતી. તેમણે જાહેરાત કરી હતી કે , ફ્રાન્સ જવાબદારો સામે યુરોપિયન સ્તરના પ્રતિબંધો માટે દબાણ કરશે. 11 અને 12 ઓક્ટોબરની રાત્રે કરવામાં આવેલા આ સાયબર હુમલાથી ફ્રાન્સના લગભગ 700 સુપરમાર્કેટ પ્રભાવિત થયા હતા.

તેના પરિણામે મોટી માત્રામાં ખોરાક બગડ્યો હતો અને કેટલાક રેફ્રિજરેશન યુનિટમાં પણ આગ લાગી હતી. ગયા અઠવાડિયે આવી જ ઘટનાઓ નોંધાઈ હતી , જેમાં બ્લડ બેંક કૂલિંગ સિસ્ટમ્સ પર હુમલો કરવાનો પ્રયાસ પણ સામેલ હતો. અન્ય યુરોપિયન દેશો અને અમેરિકામાં પણ સુરક્ષા ભંગની જાણ કરવામાં આવી છે. જો કે , અધિકારીઓએ આ ઘટનાઓ એકબીજા સાથે જોડાયેલી છે કે નહીં તે સ્થાપિત કર્યું નથી.

---

# AUSTRALIA-AI SAFEGUARDS

ઓસ્ટ્રેલિયા AI કંપનીઓ માટે ફરજિયાત સલામતીના પગલાં રજૂ કરશે , જેમાં સુરક્ષા ભંગના ફરજિયાત રિપોર્ટિંગ અને AI સિસ્ટમ્સની સ્વતંત્ર દેખરેખનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝે આજે આ નિર્ણયની જાહેરાત કરતા કહ્યું કે, સરકારે AI સલામતીની સમીક્ષાની તમામ ભલામણો સ્વીકારી લીધી છે. એક AI એજન્ટે સરકારી તબીબી આંકડા પોર્ટલમાં અનધિકૃત ઍક્સેસ મેળવ્યાની ઘટના બાદ આ પગલું લેવાયું છે.

જોકે, AI કંપનીએ કહ્યું કે આ ઉલ્લંઘન અજાણતાં લેવાયું હતું , જેમાં દર્દીના રેકોર્ડની ઍક્સેસના કોઈ પુરાવા નહોતા. સરકાર સુરક્ષા પગલાંનું નિરીક્ષણ કરવા , જોખમોનું મૂલ્યાંકન કરવા અને ઉલ્લંઘન માટે દંડ લાદવા માટે AI સલામતી નિયમનકાર સ્થાપિત કરવાની યોજના ધરાવે છે.

---

# TRUMP- IRAN NUCLEAR

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે કતાર , સાઉદી અરેબિયા, યુએઈ, બહેરીન અને કુવૈત સહિતના મુખ્ય ગલ્ફ રાષ્ટ્રો ઓપરેશન આયર્ન ગેટ હેઠળ ઈરાન સામે સંયુક્ત જમીન અને દરિયાઈ નાકાબંધીને સમર્થન આપે છે. તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રુથ સોશિયલ પર તેમણે પુનરોચ્ચાર કર્યો કે ઈરાનને પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરતા અટકાવવા તેમની સરકારની પ્રાથમિકતા છે.

કતારના પ્રધાનમંત્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલરહમાન અલ થાની સાથેની વાતચીત બાદ , ટ્રમ્પે કહ્યું કે પ્રાદેશિક સાથીઓ ઈરાન પર દબાણ જાળવવાનું સમર્થન કરે છે. તાજેતરના અમેરિકન લશ્કરી હુમલાઓએ ઈરાનની ઉત્પાદન ક્ષમતાઓને ભારે નુકસાન પહોંચાડ્યું હોવાનો તેમણે દાવો કર્યો હતો.

---

# RUSSIA-NATO

રશિયાના નાયબ વિદેશમંત્રી  સેરગેઈ રિયાબકોવે જણાવ્યું કે રાશિયાનો કોઈ યુરોપિયન દેશ પર હુમલો કરવાનો ઈરાદો , યોજના કે કોઈ કારણ નથી. યુરોપના લશ્કરીકરણ પર  **OSCE** રાઉન્ડ ટેબલને સંબોધતા તેમણે આમ જણાવ્યું હતું. શ્રી રિયાબકોવે કેટલીક યુરોપિયન સરકારો પર રશિયા-યુક્રેન સંઘર્ષને સમાપ્ત કરવા માટે ગંભીર પ્રતિબદ્ધતા ન દર્શાવવાનો પણ આરોપ લગાવ્યો હતો.

તેમણે આશા વ્યક્ત કરી કે યુરોપ ભવિષ્યમાં સમાનતા , પરસ્પર આદર અને સુરક્ષા હિતોના આધારે રશિયા સાથે વાતચીત ફરી શરૂ કરશે. તેમણે ભાર મૂક્યો હતો કે યુરોપમાં કાયમી શાંતિ માટે, રશિયાના હિતોને ધ્યાનમાં લેવું જરૂરી છે.

---

# DAY CRICKET

સેડન પાર્ક ખાતે રમાનારી ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રીજી વનડે મેચ વરસાદને કારણે રદ કરાઈ છે . વરસાદથી પ્રભાવિત મેચમાં ભારતે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. 40 ઓવરની મેચની તૈયારીઓ છતાં સતત વરસાદના કારણે રમત અટકી ગઈ હોવાથી અમ્પાયરોએ રમત રદ કરી હતી. ભારત પાંચ મેચની શ્રેણીમાં 2-0થી આગળ છે.

બાકીની બે મેચ 13 અને 15 નવેમ્બરના રોજ તૌરંગામાં રમાશે. શુભમન ગિલ અને કેએલ રાહુલ વેલિંગ્ટનમાં ભારતની ટેસ્ટ ટીમમાં જોડાશે. શ્રેયસ ઐયર અંતિમ બે વનડેમાં ટીમનું નેતૃત્વ કરશે. રુતુરાજ ગાયકવાડ અને ઇશાન કિશન પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મેળવે તેવી અપેક્ષા છે.

---

# PAKISTAN-ABDUCTION

પાકિસ્તાનમાં, ઉત્તરપશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં અજાણ્યા સશસ્ત્ર માણસો દ્વારા ત્રણ પોલિયો રસીકરણ કાર્યકરોનું અપહરણ કરાયું હોવાના અહેવાલ છે. પોલીસે જણાવ્યું હતું કે આ ઘટના ટાંક જિલ્લાના સોરઘર વિસ્તારમાં ચાલી રહેલા રસીકરણ અભિયાન દરમિયાન બની હતી. અગાઉ , ટાંક જિલ્લામાં ચાર રસીકરણ કાર્યકરોનું અપહરણ કરવામાં આવ્યું હતું , જ્યારે ખૈબર જિલ્લામાં એક સુપરવાઇઝરનું અપહરણ કરવામાં આવ્યું હતું.

---